# મહાસિદ્ધિ ભારતમાં ૨૭૮ દિવસમાં ૧૦૦ કરોડ ડોઝ વેક્સિનનો વિશ્વ વિક્રમ

નવી દિલ્હી, તા.૨૧

ભારતે કોરોના સામેની લડાઈમાં એક મહત્વપૂર્ણ પડાવ પાર કર્યો છે. દેશમાં ગત ૧૬ જાન્યુઆરી ૨૦૨૧ના રોજ શરું થયેલા કોરોના રસીકરણના મહાઅભિયાનમાં ઐતિહાસિક ઘડી આવી છે જ્યારે આજે દેશમાં કુલ ૧૦૦ કરોડ લોકોનું રસીકરણ થઈ ચૂક્યું છે. આ સાથે જ નિષ્ણાંતો હાલની સ્થિતિને જોતા કોરોનની ત્રીજી લહેર આવવાની શક્યતાને દૂર સુધી જોતા નથી. તો બીજી તરફ દૈનિક કેસ લોડ પણ સતત ઘટી રહ્યો છે જેનાથી ભારતે કોરોના સામેની જંગ જીતી લીધી હોય તેવું લાગી રહ્યું છે. કેન્દ્રિય આરોગ્ય મંત્રી મનુસખ માંડવિયાએ ટ્વિટ કરીને લખ્યું હતુ કે આવો અમારી સાથે જોડાવ અને ઈતિહાસને રચાતા જુઓ.

દેશમાં કોરોના સંક્રમણને કાબુમાં કરવા માટે શરું કરવામાં આવેલા રસીકરણ મહાભિયાના ૨૭૯ દિવસમાં જ દેશમાં ૧૦૦ કરોડ લોકોને રસી આપી દેવામાં આવી છે. આજે આ લખાઈ રહ્યું છે ત્યાં સુધીમાં કોવિડ ડેશ બોર્ડ મુજબ ૧૪,૬૬,૭૦૭ લોકોને રસી આપવામાં આવી છે. આ સાથે જ ભારતે એક ઈતિહાસ રચી દીધો છે. આ તકે વડાપ્રધાન મોદી પણ દિલ્હીમાં આરએમએલહોસ્પિટલ પહોંચ્યા હતા અને આ ઐતિહાસિક ઘડીના સાક્ષી બન્યા હતાં. તો બીજી તરફ સત્તાધારી પક્ષ ભાજપ અને સરકાર તરફથી કોરોના રસીકરણના ૧૦૦ કરોડના આંકડાની સિદ્ધિને બિરદાવવા માટે ઠેર ઠેર ખાસ લાઈટિંગ કરવામાં આવી છે.

મહત્વું છે કે દેશમાં છેલ્લા કેટલાક સમયથી કોરોના કેસ સતત ઘટી રહ્યા છે. તેવામાં https://www.covid19india.org/ ના ડેટા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં દૈનિક નવા કોરોના કેસની સંખ્યામાં પાછલા ૨૪ કલાક કરતાં થોડો ઉછાળો જોવા મળ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં કુલ ૧૮,૩૫૭ લોકો કોરોના પોઝિટિવ મળી આવ્યા છે જ્યારે ૧૬૦ લોકોના કોરોનાથી મોત થયા છે. તો બીજી તરફ ૧૭,૫૫૮ લોકો કોરોનાથી સ્વસ્થ થઈને હોસ્પિટલમાંથી મુક્ત થયા છે.


પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૨૨ ૨૨ ઓક્ટોબર, ૨૦૨૧, શુક્રવાર; આસો વદ - ૨ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# કેન્દ્રીય કર્મચારીઓને દિવાળીની ભેટ

**સરકારી કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૩ ટકાનો વધારો કરાયો : કેન્દ્રીય કર્મચારીઓને હવે ૩૧ ટકા મોંઘવારી ભથ્થું મળશે, એક કરોડથી વધુ કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનરોને તેનો લાભ મળશે**

નવી દિલ્હી, તા.૨૧

કેન્દ્ર સરકારે દિવાળી પહેલા સરકારી કર્મચારીઓને આનંદના સમાચાર આપ્યા છે, એટલે દિવાળી પહેલા એક મોટી જાહેરાત થઈ છે. સરકારે દિવાળી ભેટ તરીકે સરકારી કર્મચારીઓને તેમના મોંઘવારી ભથ્થા (ડેરનેસ એલાઉન્સ) માં ૩ ટકાનો વધારો કરવાનો નિર્ણય કર્યો છે. આનો અર્થ એ થયો કે કેન્દ્રીય કર્મચારીઓને હવે ૩૧ ટકા મોંઘવારી ભથ્થું મળશે. એક કરોડથી વધુ કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનરોને તેનો લાભ મળશે.

કેન્દ્ર સરકારની જાહેરાત મુજબ મોંઘવારી ભથ્થામાં નવો વધારો આ વર્ષે ૧ જુલાઈથી લાગૂ પડશે. અગાઉ જુલાઈમાં સરકારે મોંઘવારી ભથ્થું (ડીએ વધારો) ૧૧ ટકા વધારીને ૨૮ ટકા કર્યો હતો. તે પછી હવે તેમાં ૩ ટકાનો વધારો કરાયો છે. આ કારણે હવે સરકારી કર્મચારીઓ અને પેન્શનરોને ૩૧ ટકા ડીએ મળશે.

સરકારની આ જાહેરાતથી ૪૭.૧૪ લાખ કેન્દ્રિય કર્મચારી અને ૬૮.૬૨ લાખ પેન્શર્સે ફાયદો મળશે.

# વિરોધનો અધિકાર પણ રસ્તા જામ ન કરી શકાય : સુપ્રીમ

**ખેડૂતોના પ્રદર્શન પર સુપ્રીમમાં ફરી સુનાવણી : સંયુક્ત કિસાન મોરચા અને અન્ય ખેડૂત સંઘોને ચાર સપ્તાહમાં પોતાનો જવાબ દાખલ કરવા કોર્ટનો નિર્દેશ**

નવી દિલ્હી, તા.૨૧

છેલ્લા એક વર્ષથી દિલ્હીના રસ્તાઓ પર ખેડૂતોના ધરણાં પ્રદર્શન મુદ્દે આજે ફરી એક વખત સુનાવણી થઈ હતી. સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કરી દીધું હતું કે, રસ્તાઓને અવરોધીને વિરોધ પ્રદર્શનો ન કરી શકાય. સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, ખેડૂતોને વિરોધ કરવાનો અધિકાર છે પરંતુ અનિશ્ચિત કાળ માટે રસ્તાઓને જામ ન કરી શકાય. આ તરફ સંયુક્ત કિસાન મોરચાના કહેવા પ્રમાણે રસ્તાઓ વિરોધ કરનારા ખેડૂતોએ નહીં પણ પોલીસે જામ કરીને રાખ્યા છે.

સુપ્રીમ કોર્ટે સંયુક્ત કિસાન મોરચા અને અન્ય ખેડૂત સંઘોને રસ્તાઓ પર વિરોધ કરનારા ખેડૂતોને હટાવવાની માગ કરતી અરજી મુદ્દે ૪ સપ્તાહમાં પોતાનો જવાબ દાખલ કરવા માટે કહ્યું હતું. ઘણાં લાંબા સમયથી દિલ્હીની સરહદો પાસે રસ્તાઓ પર ખેડૂતોએ ડેરો જમાવેલો છે. તેના કારણે રોડ પરિવહનને ભારે નુકસાન પહોંચી રહ્યું છે. આ મામલે આગામી ૭ ડિસેમ્બરના રોજ સુનાવણી થશે.

● અનુસંધાન પાન-૭ પર

# ગાઝીપુર બોર્ડર પર એક રસ્તો ખોલવામાં આવ્યો

**આંદોલનના લીધે બંધ રસ્તા સામે સુપ્રીમની નારાજગી : ખેડૂતો સર્વિસ રોડ પરથી ટેન્ટ અને બીજો સામાન હટાવતા નજરે પડ્યા, રસ્તો ખુલતા લોકોની હાડમારી દૂર થશે**

નવી દિલ્હી, તા.૨૧

કેન્દ્ર સરકારના ત્રણ નવા કૃષિ કાયદા સામે વિરોધ કરી રહેલા ખેડૂતો દ્વારા દિલ્હી ગાઝીપુર બોર્ડર પરના ફ્લાય ઓવરની નીચે દિલ્હી તરફ જતો રસ્તો ખોલી નાંખ્યો છે.



સુપ્રીમ કોર્ટમાં રસ્તો ખોલવાનો મામલો ગયા બાદ અને રસ્તો રોકવાને લઈને સુપ્રીમ કોર્ટે વ્યક્ત કરેલી નારાજગી બાદ ખેડૂત આગેવાનોએ ઉપરોકત નિર્ણય લીધો હોવાનુ મનાઈ રહ્યુ છે.

મીડિયાએ રાકેશ ટિકૈતને પૂછ્યુ હતુ કે, શું અહીંથી ખેડૂતો સંપૂર્ણ પણે હટી જશે ત્યારે તેમણે જવાબ આપ્યો હતો કે, હા બધુ હટાવી દેવામાં આવશે. હવે અમે દિલ્હી જઈ રહ્યા છે અને સંસદની બહાર ધરણા પર બેસવાના છે. જ્યાં આ કાયદો બનાવ્યો છે ત્યાં હવે અમારે જવાનુ છે.

દરમિયાન ખેડૂતો સર્વિસ રોડ પર ઉભા કરાયેલા ટેન્ટ અને બીજો સામાન હટાવતા પણ નજરે પડ્યા હતા. ઉલ્લેખનીય છે કે, ખેડૂત આંદોલનને શરૂ થયે લગભગ એક વર્ષ થવા આવ્યુ છે અને જ્યારથી આંદોલન શરૂ થયું ત્યારથી આ રસ્તો ખેડૂતો બંધ કરીને બેસી ગયા હતા.

# બરફવર્ષામાં ફસાતા ૧૨ ટ્રેકર્સ અને પોર્ટર્સનાં મોત

રાયપુર, તા.૨૧

ઉત્તરાખંડમાં હિમાલયના પહાડો પર થયેલી બરફવર્ષાના પગલે ટ્રેકિંગ કરી રહેલા ૧૨ પ્રવાસીઓ અને પોર્ટરોના મોત થયા છે.

ત્રણ અલગ અલગ ઘટનાઓમાં આ મોત થયા હોવાના અહેવાલો મળ્ય છે. એક ઘટનામાં બાગેશ્વરના પિંડારી ગ્લેશિયર પર ટ્રેકિંગ કરી રહેલા ૩૪ લોકોના ગ્રૂપના ચાર લોકો બરફવર્ષાની ચપેટમાં આવ્યા બાદ મોતને ભેટયા છે. જોકે આ ટીમના બાકી સભ્યો સુરક્ષિત છે. આ સિવાય ઉત્તરકાશીમાં હર્ષિલ અને હિમાચલ પ્રદેશ વચ્ચે ગાયબ થયેલા ૧૧ ટ્રેકરોમાંથી પાંચના મૃતદેહ દેખાયા છે. એવુ કહેવાયુ છે કે, દિલ્હી અને બંગાળના આ ૧૧ ટ્રેકરોનુ ગ્રૂપ ૧૭ ઓક્ટોબરથી લાપતા હતુ. બીજી તરફ ઈન્ડો તિબેટિયન બોર્ડર પોલીસ સાથે પેટ્રોલિંગમાં ગયેલા અને લાપતા બનેલા ત્રણ પોર્ટરોના મૃતદેહ મળી આવ્યા છે. જ્યારે આઈટીબીપીના જવાનો ગમે તેમ કરીને પોતાનો જીવ બરફ વર્ષા વચ્ચે બચાવી શક્યા હતા.

# અનન્યા પાંડે-શાહરૂખના ઘરે દરોડા

**ડ્રગ્સ કેસનો રેલો ચંકી પાંડેના ઘર સુધી પહોંચ્યો : એનસીબીએ અનન્યા પાંડેને સમન પાઠવ્યું અને પૂછપરછ માટે બોલાવી, આર્યન-અનન્યાના ઘરેથી પુરાવા જપ્ત કર્યા**

મુંબઈ, તા.૨૧

શાહરૂખ ખાન પર એક પછી એક મુસીબતો આવી રહી છે. એક તો આર્યન ખાનને હજુ સુધી જામીન નથી મળ્યા અને હવે એનસીબીના અધિકારીઓ બોલિવૂડ સુપરસ્ટારના ઘરે પહોંચી ગયા છે. આર્યન ખાનની ધરપકડ બાદ એવી અટકળો હતી કે એનસીબી મન્નત જઈને તલાશી લેશે. હવે એનસીબીની એક ટીમ શાહરૂખ ખાનના ઘરે પહોંચી અને ઘરની તલાશી લઈ રહી છે. આજે જ શાહરૂખ પુત્ર આર્યન ખાનને મળવા માટે જેલમાં ગયા હતા.



એનસીબી એ એક રેડ પાર્ટીમાંથી આર્યનની ધરપકડ કરી હતી અને પછી ૩ ઓક્ટોબરથી આર્યન ખાન જેલમાં છે. હજુ તેની જામીન અરજી પર કોઈ નિર્ણય આવ્યો નથી. આજે એનસીબીની ટીમ શાહરૂખ ખાનના મુંબઈ સ્થિતિ ઘર મન્નત પર પહોંચી. કહેવાય છે કે એનસીબી આર્યન

● અનુસંધાન પાન-૭ પર

# દુર્ગા પૂજાના પંડાલમાં કુરાન મૂકનારની ઓળખ કરાઈ

**ઈકબાલ હુસેને સામાજિક સદભાવનાનું વાતાવરણ બગાડવા માટે કુરાનની પ્રતને પંડાળમાં મુકી હતી**

ઢાકા, તા.૨૧

બાંગ્લાદેશમાં દુર્ગા પૂજા દરમિયાન હિન્દુઓ પર હુમલા થયા હતા અને મંદિરો તેમજ પંડાળોમાં તોડફોડ કરાઈ હતી. આ હિંસામાં સાત લોકોના મોત થયા હતા.

હિંસા ફાટી નિકળવાનુ કારણ એ હતુ કે, દુર્ગા પૂજા પંડાળમાં કુરાન મુકવામાં આવ્યુ હતુ. આ કુરાન મુકનારા વ્યક્તિની પોલીસે ઓળખ કરી લીધી છે અને તેનુ નામ ઈકબાલ હુસેન છે. તેણે સામાજીક સદભાવનાનું વાતાવરણ બગાડવા માટે કુરાનની પ્રતને પંડાળમાં મુકી હતી અને તેનો ઈરાદો સફળ થયો હતો.

બાંગ્લાદેશના અખબારના અહેવાલ મુજબ ઈકબાલ હુસેન હજી પણ ફરાર છે. બાંગ્લાદેશ પોલીસ તેની તપાસ કરી રહી છે. પોલીસનુ કહેવુ છે કે, ૧૩ ઓક્ટોબરે તેણે કુરાનની પ્રત દુર્ગા પૂજા પંડાળમાં મુકી હતી. પોલીસે સીસીટીવી કેમેરા થકી તેની ઓળખ કરી છે. ઈકબાલ રખડુ પ્રકારનો વ્યક્તિ છે તેવુ પોલીસનુ કહેવુ છે.

# ભિંડ ખાતે વાયુસેનાનું વિમાન ક્રેશ

ભોપાલ,તા.૨૧

મધ્ય પ્રદેશના ભિંડ ખાતે ગુરૂવારે એરફોર્સનું એક વિમાન ક્રેશ થઈ ગયું હતું. આ વિમાન ભિંડના મન કા બાગ વિસ્તારમાં ક્રેશ થયું હોવાનું માનવામાં આવે છે. આ વિમાન જમીનની અંદર ધસી ગયું હતું. સદનસીબે આ દુર્ઘટનામાં પાયલોટ લેફ્ટિનેન્ટ અભિલાષ સુરક્ષિત છે.

# અરુણાચલમાં એર ક્રાફ્ટ ગન સાથે મહિલા કેપ્ટન તૈનાત

નવી દિલ્હી, તા.૨૧

ભારત અને ચીન વચ્ચેના તનાવને લઈને લાઈન ઓફ એક્ચ્યુલ કંટ્રોલ પર ભારતે મોટા પાયે ઘાતક હથિયારો બોર્ડર પર રાખ્યા છે. ચીનના સંભવિત વિમાની કે ડ્રોન હુમલાને પહોંચી વળવા માટે ભારતે એર ડિફેન્સ ગન એલ-૭૦ પણ તૈનાત કરવામાં આવી છે. સરહદ પરની જમાવટ વચ્ચે આવી જ એક એર ક્રાફ્ટ ગન સાથે અરુણાચલમાં તૈનાત મહિલા કેપ્ટન સરિયા અબ્બાસીની તસવીર સોશ્યલ મીડિયા પર ભારે વાયરલ થઈ રહી છે.




**પચ્ચીસમી વાર્ષિક પુણ્યતિથિએ**

**ભાવભીની શ્રદ્ધાંજલિ**

જીવન એવું જીવી ગયા કે,
કદી ભુલાય નહિ,
વિદાય એવી અણધારી લીધી કે
મૃત્યુ પણ રડી ઉઠ્યું.
આજે ૨૫ વર્ષ બાદ પણ આપની
સ્મૃતિ પળેપળ અમારી સાથે છે
આપનો પ્રેમાળ સ્વભાવ, કાર્યશૈલી,
પારિવારિક ભાવના અમને પ્રેરક બની રહેશે.
પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને
ચિરશાંતિ અર્પે એવી પ્રાર્થના સહ...

**સ્વ. કુંદનબેન બી. શુક્લ**
આસોવદ બીજ - સંવત-૨૦૫૨
સ્વર્ગવાસ : ૨૮ ઓક્ટોબર-૧૯૯૬

બી. એ. શુક્લ IAS (નિ.)
(પૂર્વ કલેક્ટર, ગાંધીનગર)
સ્વ. પં. રમણિકલાલ શુક્લ (મોટાભાઈ)
(સ્વાતંત્ર્ય સેનાની)
ડો. વિરાજ - દેવાંગ (મેનેજર, યુ.એસ.એ.)
ડો. કાનન - ડો. કલ્પેશ
પ્રો. સોનલ - ધવલ (સી.એસ.)
ભાવિન (એડવોકેટ)
આદિત્ય, અંબિકા, મૈત્રી, પવિત્રા, પ્રાંજલ,
શ્રીધા, તથા સમસ્ત પરિવાર

પદ્મશ્રી સ્વ. ડો. એચ. એલ. ત્રિવેદી
(પૂર્વ ડાયરેક્ટર - કિડની ઈન્સ્ટીટ્યુટ, અમદાવાદ)
ગં.સ્વ. સુનિતાબેન. એચ. ત્રિવેદી (વિદુષી)
સ્વ. હરિપ્રસાદ ત્રિવેદી, સ્વ. પદ્માબેન ત્રિવેદી
(પૂર્વ ડાયરેક્ટર, એગ્રી.)
સ્વ. સત્યકામ દવે (પૂર્વ ડેપ્યુટી કલેક્ટર)
સ્વ. સુશીલાબેન દવે (વિદુષી)
પ્રો. કાર્તિક ત્રિવેદી (યુ.એસ.એ.) (આર્ટીસ્ટ)
તથા સમસ્ત પરિવાર



**હાર્દિક અભિનંદન**



**શ્રી હિતેષભાઈ મકવાણા** (મેયરશ્રી, ગાંધીનગર)

ગાંધીનગર મહાનગરપાલિકામાં આપશ્રીને સર્વાનુમતે થયેલી મેયરપદ માટેની વરણીને હર્ષભેર આવકારીએ છીએ તથા આપ નગરની સેવામાં વધુ શુભ કાર્યો કરતા રહો તેવી શુભેચ્છા પાઠવીએ છીએ



Shikshapatri™ Group

**વિષ્ણુ એન. ચૌધરી (મેટ્રો)**
ઉપ-પ્રમુખ બક્ષીપંચ મોરચો મહાનગર પાલીકા ગાંધીનગર.
મા.પ્રમુખ અખિલ આંજણા સમાજ ગાંધીનગર.